## વાહ ભાઈ વાહ

# શાકિરભાઈએ તો ભંગારમાંથી એન્ટિક લૂકના ગિટાર, રિક્ષા બનાવ્યા

CREATIVE માઈન્ડ્સ

તમે કાદરશાની નાળ વિસ્તારમાંથી પસાર થશો તો ત્યાં કાટપિટિયા અને વેલ્ડીંગ્સની નાની નાની દુકાનોની હારમાળા જોવા મળશે. તેમાની એક નાની અમસ્તી દુકાનની અંદરના પાટિયા પર જો તમારી તીણી નજર પડશે તો તેમાં આબેહૂબ ઓટોરિક્ષાનું નાનું વર્ઝન એવી મિનીએચર સરસ મજાની ટીનીમિની ઓટોરીક્ષા પર પડશે. દુકાનની અંદર ડોકિયું કરશો તો એન્ટિક લુકની મિનીએચર વસ્તુઓ જોવા મળશે અને પછી રાઝ ખુલશે કે, આવી મિનીએચર કૃતિઓ એવી વસ્તુમાંથી બનાવવામાં આવી છે જેને આપણે ઘરમાંથી બહાર કાઢી દેતાં હોઈએ છે. આવી પ્રતિકૃતિઓ બનાવનાર શાકીરભાઈ તેમની આ કળાને કારણે ખાસ્સા જાણીતા થયા છે. કેમ તેમની એન્ટિકલુકની પ્રતિકૃતિઓને ઘર અને ઓફિસની શોભા બનાવવા લોકો ડિમાન્ડ કરી રહ્યા છે, વેલ્ડીંગનું કામ કરતા કરતા તેઓ કઈ રીતે એન્ટિક લુકની મિનીએચર પ્રતિકૃતિઓ બનાવવાની કળામાં પારંગત થયા તે આ લેખના માધ્યમથી જાણીએ...

### લોખંડના ભંગારમાંથી બનાવેલો FM રેડિયો વાગે પણ છે





વેસ્ટમાંથી બેસ્ટ બનાવવામાં માહિર શાકીરભાઈએ સાચુકલો લાગે તેવો FM રેડિયો પણ લોખંડના ભંગારમાંથી બનાવ્યો છે. આ રેડિયો બનાવવામાં તેમને 4થી 5 દિવસ લાગ્યા. 50-100 રૂપિયામાં લોખંડનું પતરું ભંગારમાંથી લાવ્યા ત્યારબાદ તેને બેન્ડ કરીને રેડીયોનો શેપ આપ્યો. 400 રૂપિયાનું સ્પીકર લગાવ્યું ત્યારબાદ વોલ્યુમનું બટન લગાવ્યું. તેમણે ભંગાર બનેલી બાઈકની ચેન, બાઈકનું પ્લગ, એન્જીનના બોલ્ટ, બેરિંગનો અને ભંગારના પતરાનો ઉપયોગ કરીને 6 કિલો વજનનું ગિટાર બનાવાયું છે. ગિટાર પરના તાર સેન્ટીંગના તારમાંથી બનાવાયા છે. આવા મિનીએચર ગિટારની ડિમાન્ડ લોકો પોતાના ઘરમાં શો-પીસ તરીકે રાખવા કરે છે.

### 18 વર્ષની ઉંમરે વેસ્ટમાંથી બેસ્ટ રીક્ષા બનાવી જે આજે પણ સાચવી રાખી



શાકીર હુસૈન અબ્દુલ ગની ઓટોરિક્ષાના વેલ્ડીંગના કામ સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે, હું 18-19 વર્ષનો હતો ત્યારે લોખંડનો સ્ક્રેપ (ભંગાર) જોતો એ વખતે મને વિચાર આવતો કે આ વેસ્ટમાંથી એન્ટિક અને ભવ્ય લુક આપતી એવી મીની પ્રતિકૃતિઓ બનાવવી છે જે લોકોના ઘર અને ઓફિસમાં શો-પીસ તરીકે ગોઠવી શકાય. હું રિક્ષાનું વેલ્ડીંગ કરું છું તો પહેલાં વેસ્ટમાંથી બેસ્ટ તરીકે ઓટો રીક્ષાની આબેહૂબ મીની પ્રતિકૃતિ બનાવી. લોખંડના પતરાને વાળીને જાતે રીક્ષા, રેડીયોની ડિઝાઈન મારા હાથથી બનાવું અને તેને પેઈન્ટ પણ કરું છું.

### દિલ્હી, કર્ણાટક, U.P.થી લોકો આવે છે, આ પ્રતિકૃતિઓ બનાવી



લોખંડમાંથી એન્ટિક લુક આપે તેવી મિનીએચર શો-પીસ કે ડેમોમાં ઉપયોગમાં લઈ શકાય તેવી પ્રતિકૃતિ ખરીદવા દિલ્હી, કર્ણાટક, U.P.થી લોકો આવે છે. સોશ્યલ મીડીયાના માધ્યમથી આવી મિનીએચર પ્રતિકૃતિ વિશેની માહિતી મેળવી દૂર દૂરની જગ્યાઓ પરથી લોકો ખાસ તો લોખંડના કચરામાંથી મિનીએચર પ્રતિકૃતિ કઈ રીતે બને છે તે જોવા આવે છે. લોખંડના ભંગારમાંથી ચશ્માં, ચમ્પલ, ટોપી, જીપ, લગઝરી બસ, તાતાનો ટેમ્પો, ઓટો રીક્ષા, ટેલિફોન, આ બધાની મીની પ્રતિકૃતિ બનાવી છે.


---

## ચૂંટણી પતી, પોલીસ થઈ વેરી, કાઢી નાંખી રેલી રાજકારણીઓએ વિના હેલમેટ અને પોલીસ શરૂ કર્યું હેલમેટના નામે ચેકમેટ...

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




હતો કાયદો હેલમેટનો પણ પોલીસે રાખી હતી છૂટ, કારણ કે ચાલી રહી હતી ચૂંટણીમાં મતોની લૂંટ... પતી ચૂંટણી અને નીકળી ગઈ રેલીઓ રાજકારણીઓની હેલમેટ વિના, પોલીસે શરૂ કરી દીધું દંડ કરવાનું અભિયાન જે છે હેલમેટ વિના... જો પળાવવો હોય ફરજિયાત હેલમેટનો નિયમ, તો વાહનચાલકોને ચેકિંગ કરવાનું રાખો કાયમ... હેલમેટ પહેરાવીને નથી પોલીસને લોકોના માથાની ચિંતા, તેમને તો છે માત્ર દંડ ઉઘરાવવાની જ ચિંતા... દંડના નામે કરવા લ્હાણી, મોટાભાગે પોલીસ કરી રહી છે લોકો પાસેથી તોડપાણી...

---

**શું તમે જાણો છો કે એક સમયે ગુજરાતી સાહિત્યના પાત્ર બકોર પટેલની ચૌરે અને ચૌટે ચર્ચા હતી. લોકો એ વાંચવા તલપાપડ રહેતા. બાળસાહિત્ય ગણાતા આ બકોર પટેલના પાત્રે મોટેરાઓના મનની કલ્પનાને હાસ્યભરી ઉડાન આપી હતી. સૂરત માટે ગર્વની વાત એ છે કે આ બકોર પટેલની વાર્તાઓ સૂરતની ગાંડીવ પ્રેસ દ્વારા બહાર પાડવામાં આવતી હતી. તમે બકોર પટેલને વાંચો તો ક્યાંક ને ક્યાંક તમે પોતાની જાતને એ પાત્રો દ્વારા અનુભવી શકો, સ્પર્શી શકો. સૂરતમાં આકાર પામેલી બકોર પટેલની વાતોનો ઈતિહાસ વાંચવાનું ચૂકશો નહિ.**

### ગુજરાતી સાહિત્યનુ અવિસ્મર્ણીય પાત્ર

## બકોર પટેલ અને તેનું સૂરત સાથેનું જોડાણ "ગાંડીવ"




બકોર પટેલ પુસ્તકનું મુખપૃષ્ઠ

એક જમાનામાં આબાલવૃદ્ધ સૌનું માનીતું પાત્ર એટલે બકોર પટેલ. બકોર પટેલ એ હરિપ્રસાદ વ્યાસ દ્વારા સર્જિત ગુજરાતી સાહિત્યનું અમર પાત્ર છે અને ગૌરવની વાત એ છે કે તેના સંબંધની જડ સૂરત સાથે છે. બાળકો તો ઠીક મોટેરાઓને પણ એ એ સાદા શબ્દોમાં લખાયેલી વ્યંગાત્મક રમૂજી વાર્તાઓ વાંચવામાં એટલો જ અનેરો આનંદ આવતો, તેનું કારણ એ હતું કે બકોર પટેલ રમૂજમાંથી જીવનનાં પાઠ હસતાં-હસતાં ગળે ઉતરી જાય એવી રીતે શીખવી જતું. આપણામાંથી ઘણા "બકોર પટેલના કરેલા પ્રયોગો' નિશાળમાં ભણ્યા હશે ત્યારે આ પેપા પીગ જોતી આજની પેઢીને કહેવાનું મન થાય કે અમારે મન તો અમારા બકોર પટેલ જે બકરા વેશે હતા તે જ પ્રિય કાર્ટૂન હતા.

ગુજરાતી બાળ સાહિત્યમાં ગિજુભાઈ બધેકા, જીવરામ જોશી અને હરિપ્રસાદ વ્યાસના નામ મોખરે આવે. હરિપ્રસાદ વ્યાસે રચેલી બાળ સાહિત્યની દુનિયામાં બકોર પટેલ ઉપરાંત શ્રીમાન ભોટવાશંકર, તેમનાં મિત્ર તભા ભટ્ટ અને હાથીશંકર ધમધમિયા પણ લોકપ્રિય રહ્યા હતા. પણ તેમને આજે પણ આપણે જે કારણોસર યાદ કરીએ છે તેમાંથી એક એ છે કે તેમણે ગુજરાતી વાર્તાઓમાં શુદ્ધ ગુજરાતી શબ્દો આપ્યા: બેટરીને માટે ચમક દીવડી, સ્ટેશનને માટે રેલ મથક, સાયકલ માટે દુચાકી, રકાબી માટે તાસક....



આ પુસ્તકના લેખક હરિપ્રસાદ વ્યાસ




બકોર પટેલને બકરા તરીકે મધ્યમવયના વ્યાપારીને તેમની પત્ની શકરી પટલાણી (બકરી) સાથે મુંબઈમાં રહેતા દર્શાવવામાં આવ્યા છે. એ ૧૯૪૦-૧૯૫૦ના દાયકામાં બકોર પટેલના લેખકે તેમને મધ્યમ વર્ગ કે ગરીબ બતાવવાની જગ્યાએ તેઓને ઉપરી મધ્યમ વર્ગના બતાવ્યા છે, જેમની પાસે ગાડી-બંગલા છે અને જાપાન સાથે વેપાર કરતી પેઢી છે. તેમના મિત્રોને પણ પ્રાણી સ્વરૂપે જ દર્શાવવામાં આવ્યા છે, વાઘજીભાઈ વકીલ, હાથીભાઈ ધમધમિયા, ઊંટડીયા ડોકટર, ટીમુ પંડિત, જિરાફ જોશી, ખુશાલ ડોશી વગેરે. આ બકોર

**સૂરતના ચૌટાપુલ પર ગાંડીવ સાહિત્ય મંદિરની દુકાન હતી અને ત્યાં વીણા વગાડતા બકોર પટેલનું પૂતળું મૂકેલું હતું**

પટેલની વાત એટલે નિરાળી છે કે તેઓ નવા સાહસો કરવામાં પાછી પાની કરતા નથી, જોકે તેમના સાહસોનો અંત હંમેશા ઊંધો આવે છે. તેમની લોકપ્રિયતાનું રહસ્ય એ છે કે તેઓ નિષ્ફળતાથી કંટાળતાનથી પણ એ નિષ્ફળતાને માણે છે અને હંમેશા કંઈક નવું જ કરવા તૈયાર રહે છે અને તેમાંથી જ રમૂજ ઉત્પન્ન થાય છે.




• આ પુસ્તક પ્રકાશિત કરતું ગાંડીવ પ્રેસનો લોગો

બકોર પટેલના અમર પાત્રનું જન્મસ્થાન સૂરતનું ગાંડીવ પ્રેસ છે, અહા! શું સરસ તેમનો લોગો હતો! અર્જુન જાણે બેઠો હોય અને તેના હાથમાં ધનુષ્ય, જેમાં ગાંડીવનો 'ગ' ધનુષ્ય આકારે રહેલો અને બાકીના અક્ષરો અનુક્રમે નાના થતા જાય. શું સરસ અલંકારિક કલ્પના કહી શકાય?! જેને ગાંડીવ આવી સુંદર રીતે લખવા વિચાર્યું એ પણ અભિનંદનને પાત્ર છે.

એક સમયે આ ગાંડીવ સાપ્તાહિકનો ટંકાર આખા ગુજરાતમાં ગાજતો. તેની સ્થાપના ઈશ્વરલાલ વીમાવાલા અને નટવરલાલ વીમાવાલાએ કરી હતી. તેમાંથી ઈશ્વરલાલ વીમાવાલાએ ૧૯૨૧માં 'ગાંડીવ સાહિત્ય મંદિર'ની સ્થાપના કરી અને ૧૯૨૪થી ગાંડીવ સાપ્તાહિક શરૂ કર્યું. ઈશ્વરલાલ તેના તંત્રી હતા અને નટવરલાલ તેના મુદ્રક હતા. સૂરતના ચૌટાપુલ પર ગાંડીવ સાહિત્ય મંદિરની દુકાન હતી અને ત્યાં વીણા વગાડતા બકોર પટેલનું પૂતળું મૂકેલું હતું.

પહેલાં તો ગાંડીવમાં દેશ-દુનિયાની વાતો, રાજકારણ, જાહેર ખબરો મોટા પ્રમાણમાં આવતી. બકોર પટેલની આ રમૂજી વાર્તાઓ ૧૯૩૬માં પ્રથમ પ્રકાશિત થઈ અને ૧૯૫૫ સુધી ચાલુ રહી. ગાંડીવ બકોર પટેલનું પર્યાય બની ગયું હતું. ચોવીસ ભાગમાં બધી વાર્તાઓ સંકલિત કરી ગાંડીવમાં પ્રકાશિત કરવામાં આવી હતી. આ વાર્તાઓ મોટે ભાગે ચિત્રો સાથે છાપવામાં આવતી હતી. આ લખાણ અને ચિત્રો સૂરતના કલાકાર ભાઈઓ તનસુખ અને મનસુખ દ્વારા તૈયાર કરવામાં આવતા, જેમણે ઘણાં બાળકોની કલ્પનાને આકાર આપ્યો. આ બકોર પટેલ અને તેમના સાથી પાત્રો જેવા રમૂજી પાત્રોએ જે કંઈ પણ વ્યંગાત્મક સમજ તે જમાનામાં હસતાં-હસાવતાં આપી હતી તે આજે પણ ઘણાંનાં મનમાં જડબેસલાક ગોઠવાયેલી છે.

વારસાની વરિયાળી

**એક સમયે સૂરતના સિનેમા રોડના થિયેટરોમાં ફિલ્મોના ફોટા અને હોર્ડિગ્સ મૂકાતા. તે હોર્ડિગ્સ મોટેભાગે એસ. બચ્ચુ અને અને તનસુખ અને મનસુખ ભાઈઓ દ્વારા દોરવામાં આવતા, જે જોવા માટે પણ સૂરતીઓ લાઈન લગાવતા. આ તનસુખ અને મનસુખ ભાઈઓ દ્વારા જ બકોર પટેલ રંગરૂપ પામ્યા હતા.**

---

## મધર્સ ડે પર સાડી, મેકઅપ, જ્વેલરી કેક પાર્ટીની વધારે છે શાન, મમ્મી પણ થઈ જાય ખુશ

FOOD ફંડા

'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' આ કાવ્ય પંક્તિ માતાના પ્રેમ અને નિઃસ્વાર્થ ભાવની સરખામણી કોઈની સાથે ના થઈ શકે તે દર્શાવે છે. દર વર્ષે મે મહિનાના બીજા રવિવારને મધર્સ ડે તરીકે ઉજવાય છે. દરવર્ષે આ દિવસે માતાને ઉપહાર, ફ્લાવર્સ, ગ્રીટિંગ કાર્ડ આપીને તેની સાથે સમય વિતાવીને 'મા'ને સ્પેશ્યલ અનુભૂતિ કરાવાય છે. આ વખતે મધર્સ ડે સેલિબ્રેશન માટે મમ્મીની સાડી, મમ્મીની જ્વેલરી અને તેનો મેકઅપનો સામાન આ થીમ પરની કેક ટ્રેન્ડિંગમાં છે. શું કેક પરની સાડી કે જ્વેલરી ખાઈ શકાય તેવી હોય છે ખરી? આ વખતે મધર્સ ડેને લઈને બીજી કઈ ડિઝાઈનની કેક ડિમાન્ડમાં છે જે સુરતી મોમ્સનું મન મોહી લેશે ચાલો તેના વિશે જાણીએ...




### સાડી કેકમાં કેક પરની સુંદર રંગીન સાડીઓને ખાઈ શકાય

કેક પર સરસ રીતે ઘડી વાળેલી સાડીઓ ગોઠવવામાં આવેલી હોય અને સાડીઓની બાજુમાં સાડીઓને નિહાળતી સ્ત્રી આવી સ્પેશ્યલ ડિઝાઈનની કેક મધર્સ ડે પર છેલ્લા બે વર્ષથી સુરતમાં ટ્રેન્ડિંગમાં છે. આવી અલગ અલગ કલરની સાડી અને તેની પર સ્ત્રીની આકૃતિને ખાઈ શકાય છે. આ સ્ત્રીનું કેક સ્ટ્રક્ચર શુગર પેસ્ટ (ફાઉન્ડન)નું બનેલું હોય છે. સાડીઓ પર ગોલ્ડન કે સિલ્વર વર્ક મોતી વર્ક લસ્ટર એડીબલ ડસ્ટ (ગોલ્ડન સિલ્વર ગ્લીટર )નું હોય જેનાથી સ્ત્રી આકૃતિ અને સાડીને ડેકોરેટિવ બનાવાય છે. આવી સાડી કેક મોટાભાગે સુરતી બોયઝ દ્વારા મધર્સ ડેના સેલિબ્રેશન માટે ડિમાન્ડ કરાય છે.

### 4-5 ઇંચ જેટલા નાના બેંટો કેક જેને લંચ બોક્સ કેક પણ કહેવાય છે



બેંટો કેક સુરતી યંગસ્ટર્સમાં ખૂબ ટ્રેન્ડિંગમાં છે. ખૂબ જ નાની સાઈઝના બેંટો કેક મોટાભાગે લંચ બોક્સ (બેંટો બોક્સ)માં સર્વ કરવામાં આવે છે. આ કેક એક બે વ્યક્તિ ખાઈ શકે એટલી સાઈઝના અને દેખાવે ખૂબ જ ક્યૂટ હોય છે. આ કેક મધર્સ ડે પર મમ્મીને સરપ્રાઈઝ ગીફ્ટ તરીકે આપવામાં આવતા હોય છે. કેક પર ખૂબ જ ઓછા શબ્દોમાં 'મા' પ્રત્યે પ્રેમ દર્શાવતા સંદેશ લખાતા હોય છે. આવી કેકમાં ફલાવર્સ ડિઝાઈન અને હાર્ટની ડિઝાઈન હોય છે.

### મેકઅપ કેક પરના લિપસ્ટિક, ફાઉન્ડેશન, નેઇલપોલીશને ખાઈ શકાય




જેમની મમ્મી ફેશનેબલ છે અને મેકઅપ કરવો ગમતો હોય તેઓ મમ્મી માટે આવી મેકઅપ કેક બનાવે છે. તેમાં લિપસ્ટિક, આઈશેડો, બ્રશ, મસ્કરા, નેઈલ પોલિશ કોમ્પેક્ટ શુગર પેસ્ટથી બનાવાય છે અને તે એડિબલ હોય છે. આવી કેકનો ટ્રેન્ડ સુરતીઓમાં એક વર્ષથી છે. તે કેક દેખાવે ખૂબ જ સુંદર લાગે છે અને કેકને જોતા પહેલી નજરે તો એવું જ લાગે કે, કેક પર મેકઅપની વસ્તુઓ ગોઠવી દેવાઈ છે.

### જ્વેલરી અને ક્રાઉન કેક પરના નેકલેસ મનમોહી લે છે






સ્પેશ્યલ ડિઝાઈનની કેક બનાવતા બીજલ શાહે જણાવ્યું કે, મમ્મી ઘરની રાણી છે તેવો અહેસાસ મમ્મીને કરાવવા માટે ક્રાઉન કેકની ડિમાન્ડ છેલ્લાં એક બે વર્ષથી મધર્સ ડે પર કરવામાં આવી રહી છે. ક્રાઉન શુગર પેસ્ટનું બનાવાય છે અને એડિબલ મોતીથી ક્રાઉનને ડેકોરેટ કરાય છે. આવી કેક મોટાભાગે પિંક અને વ્હાઈટ કલરમાં બનાવાય છે. જ્યારે જ્વેલરી કેકમાં કેક પર એડિબલ લસ્ટર ડસ્ટથી નેકલેસ, બેંગલ્સ બનાવી કેકને ડેકોરેટિવ બનાવાય છે. જેમની મમ્મીને જ્વેલરીનો શોખ હોય છે તેઓ પોતાની મમ્મી માટે આવી કેકની ડિમાન્ડ કરે છે.



### 'મા' માટે સ્વાદિષ્ટ ઉપહાર છે રોઝેટ અને હાર્ટ ટોપર્સ કપકેક્સ

**મમ્મી પ્રત્યે પ્રેમ અને આભાર વ્યક્ત કરવા માટે કપકેક સ્વાદિષ્ટ ઉપહાર છે. ગુલાબી અને પર્પલ કલર કે ચેલો કલરની ક્રીમથી ગુલાબના ફૂલની ડિઝાઇન અને ચોકલેટ કે ફોન્ડન્ટથી બનાવેલા હાર્ટ આકારના ટોપરનો ઉપયોગ કપકેક્સમાં થાય છે. જે દેખાવે તો આકર્ષક લાગે જ છે સ્વાદમાં પણ ડિલિશ્યસ લાગે છે. ઘરે મધર્સ ડેની પાર્ટી ઓર્ગનાઇઝ કરી હોય આ ફ્લાવર્સ ડિઝાઇન અને તેની પર ચમકતા એડિબલ મોતીની સજાવટ ગેસ્ટને તે કેક ખાવા માટે મન લલચાવે તેવી સુંદર અને આકર્ષક હોય છે. મોટું ગુલાબનું ફૂલ તેની આજુબાજુ નાના નાના ફ્લાવર્સના કપકેક પાર્ટીની શાન વધારે છે અને મમ્મી પણ ખુશ ખુશ થઈ જાય છે.**